# કાળી વાદળી

**– 'જ્ઞાન ગમ્મત' માથી સાભાર**

ચીનમા એક બાદશાહ થઈ ગયા.

આ બાદશાહ ઘણા કડક હતા. ગુમાની પણ ઘણા ઘણા. એમની વાતમા કોઈથી બોલાય નહિ. વાત ખોટી છે એમ કહેવાય નહિ. એમ કહે તેનુ માથુ કાપી નાખે.

આ બાદશાહને બીજો એક મોટો શોખ હતો. હીરામોતી ખરીદવાનો. એ માટે પૈસા જોઈએ. એ માટે મોટા કરવેરા નાખ્યા હતા. લોકો દુઃખી દુઃખી થઈ ગયા હતા. પ્રધાન પાસે જઈને કહ્યુ, 'અમે આટલા બધા કરવેરા નહિ આપી શકીએ. અમે રાજ્ય છોડીને ચાલ્યા જઈશુ.'

લોકો રાજમાથી જવા માડયા. એ વાત રાજાએ જાણી પ્રધાનને બોલાવ્યા અને પૂછ્ય કે, લોકો આપણા રાજમાથી જતા રહે એ કેવ ? જાઓ, અમે તમને અમારા રાજમાથી કાઢી મૂકીએ છીએ.

હવે એક નવા પ્રધાન આવ્યા. લોકો નવા પ્રધાન પાસે ગયા અને કહ્યુ કે અમારા કરવેરા માફ કરાવો.

પ્રધાન કહે : સમય આવવા દો.

એક દિવસની વાત છે.

બાદશાહ અને પ્રધાન ફરવા નીકળ્યા છે. નગરની દૂર પહોચી ગયા. એવામા આકાશમા એક કાળુ ભમ્મર વાદળુ દેખાયુ.

બાદશાહ બોલ્યા : પ્રધાનજી, ઝટ ભાગો, વરસાદ આવશે.

પ્રધાન કહે : મહારાજ ! એ વાદળુ આપણી હદમા નહિ આવે.


બાદશાહ કહે : કેમ ?

પ્રધાનજી કહે : વાદળુ સમજશે કે આ દેશના લોકો દુઃખી છે. આવા દેશમા જઈશુ તો આપણે પણ દુઃખી થઈશુ.

બાદશાહને રીસ ચડી ગઈ. હોઠ પીસીને બોલ્યો : અમારા દેશના લોકોને દુઃખી કોણ કરે ? અમે એને મોતની સજા કરીશુ. કોણ છે એ ?

પ્રધાન કહે : હુ કહોશ તો પણ આપ એનો નાશ નહિ કરી શકો.

બાદશાહ કહે : ના ના ના; અમે તેનો નાશ કરીશુ જ.



પ્રધાન કહે : મહારાજ ! આપણા રાજમા ભારે કરવેરા છે. લોકો જે કમાય તે કરવેરામા આપી દેવુ પડે છે. પછી શુ ખાય અને શુ ખરીદે ?

બાદશાહ કહે : તો કહેતા કેમ નથી ! જાઓ, આજથી બધા કરવેરા માફ કરી દો.

પ્રધાને બધા કરવેરા માફ કરાવી દીધા.

એટલે જ તો કહ્યુ છે ને....

વહેણ જોઈને નદી તરવી;
સમય જોઈને વાત કરવી.

■